# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-03-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GANDHINGAR VIDHANSABHA BOMB THREAT

ગાંધીનગરમાં ગુજરા વિધાનસભામાં બોંબ વિસ્ફોટની ધમકી અફવા સાબિત થઇ હતી.ગાંધીનગર વિધાનસભાને બોમ્બથી થી ઉડાવી દેવાની ધમકી ભર્યા ઈમેલ બાદ આજે સવારે વિધાનસભાને ખાલી કરી દેવામાં આવી હતી.. તાત્કાલિક પોલીસ, બોંબ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ફાયરબ્રિગેડી ટીમો વિધાનસભામાં ધસી ગઇ હતી અને તાત્કાલિક તપાસ હાથ ધરી હતી.

સઘન તપાસ બાદ કોઇ શંકાસ્પદ વસ્તુ મળી ન હોવાની રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવે કહ્યું હતું.

(બાઇટ- ડૉ. કે. એલ. એન. રાવ, રાજ્ય પોલીસ વડા (BOMB THREAT)

રાજ્ય પોલીસ વડાએ વધુમાં કહ્યું હતુંકે વિધાનસભાની સાથેસાથે કેટલીક શાળાઓને પણ ધમકી આપવામાં આવી હતી

આ ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ ધમકીના અહેવાલ છે. જેની ઉચ્ચસ્તરીય તપાસ કરાશે.

(બાઇટ- ડૉ. કે. એલ. એન. રાવ, ડીજીપી, (SCHOOL THREAT))

ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તપાસ કર્યા બાદ બોંબની ધમકીના મામલે ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે તાત્કાલિક બેઠક કરીને સ્થિતીનો તાગ મેળવ્યો હતો.

આવા ધમકી આપનારા તત્વોને શોધી નાખવા માટે પોલીસ સઘન તપાસ કરી રહી છેતપક્ષ પૂર્ણ થયા બાદ વિધાનસભાની કાર્યવાહી ફરીથી રાબેતા મુજબ શરૂ થઈ હતી

# VIDHANSABHA QUETIONARY

'ગ્રિન વૉલ ઑફ અરવલ્લી' યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ૨.૩૦ લાખ વૃક્ષોનું વાવેતર-વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવિણ માળીએ કહ્યું હતું.ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે

વૃક્ષોના જલ્દી ઉછેર માટે ૬ થી ૧૦ ફૂટના રોપા તૈયાર કરીને વિતરણ કરાશે.કેમ્પા યોજના અંતર્ગત સાબરકાંઠામાં છેલ્લાએક વર્ષમાં ૧૫૦૮ હેક્ટરમાં ૧૪ લાખ રોપાઓનું વાવેતર કરાયું છે.

# JAG LADKI

ભારતીય ધ્વજવંદન ધરાવતું ક્રૂડ ઓઇલ ટેન્કર જગ લાડકી, ગુજરાતના અદાણી પોર્ટ્સ મુન્દ્રા ખાતે સફળતાપૂર્વક પહોંચી ગયું છે.આ જહાજ યુએઈથી મેળવેલું આશરે 80 હજાર 886 મેટ્રિક ટન ક્રૂડ ઓઇલ લઈને ફુજૈરાહ બંદર પર પહોંચ્યું હતું. આ જહાજની કુલ લંબાઈ 274.19 મીટર અને બીમમાં 50.04 મીટરનું વિશાળકાય જહાજ મુંદ્રાના અદાણી પોર્ટ ખાતે તેનું આગમન થયું હતું.

જેમાં નોંધપાત્ર ક્રૂડ આયાતને સંભાળવામાં સુવિધાની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે.આ શિપમેન્ટ ડિલિવરીને કારણે મુખ્ય રિફાઇનરીઓને પુરવઠામાં રાહત આપશે.મુદ્રા પોર્ટ્સના તંત્ર દ્વારા જહાજનું સલામત બર્થિંગ અને ભારતની મહત્વપૂર્ણ ઊર્જા જીવનરેખાઓનું રક્ષણ કરવા માટે દરિયાઇ સંકલન પૂરું પાડ્યું હતું.

# MAHISAGAR GAS DISTRIBUTION MEET

મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેરમાં એલપીજી ગેસ બોટલની નોંધણી ને લઇ અને ગ્રાહકો અઢવમાં મુકાયા છે.ગેસ એજન્સી દ્વારા ગ્રાહકો ને મોબાઈલથી નોંધણી કરવા માટે સુચન કરવામાં આવ્યું જોકે મોબાઈલ નોંધણીની પ્રક્રિયામાં ફોન ન લાગતો હોવાને લઈ અને ગ્રાહકોને હાલાકી પડી રહી છે  જોકે જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા જીલ્લા ગેસ સાથે મિટિંગ કરી ગ્રાહકો ને પડતી તકલીફ ને લઈ ચર્ચા કરવામાં આવી છે.

તેમજ વહેલામાં વહેલી તકે આ સમસ્યાના નિરાકરણ માટે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે

# AHMEDABAD-FIRE

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલા રેવડી બજારમાં આગ લાગવાની ઘટના બની છે. ફાયર બ્રિગેડની નવ ગાડીઓ દ્વારા હાલ ઘટનાસ્થળ ઉપર પહોંચી આગને કાબુમાં લેવાની કામગીરી ચાલી રહી છે. ધુમાડાના ગોટાળાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.

રેવડી બજારમાં 50 થી વધારે દુકાનો આવેલી છે. આગ લાગવાનું કારણ હજુ અકબંધ છે.

# CRIME BRANCH AWERNESS PROGRAM

નાગરિકોની સુરક્ષા અને ટેકનોલોજીના માધ્યમથી ગુનાખોરી ડામવાના અભિગમ સાથે આજરોજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે એક મહત્વપૂર્ણ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા વિકસાવવામાં આવેલા CEIR (Central Equipment Identity Register) પોર્ટલમાં તાજેતરમાં કરવામાં આવેલા ટેકનિકલ સુધારાઓ અને નવી વિશેષતાઓથી પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓને માહિતગાર કરવા માટે આ 'અવેરનેશ પ્રોગ્રામ' યોજાયો હતો.

આ જાગૃતિ સત્રમાં ક્રાઈમ બ્રાન્ચના વિવિધ યુનિટના કુલ ૬૧ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોના ચોરાયેલા કે ગુમ થયેલા મોબાઈલ ફોનને ઝડપથી ટ્રેસ કરી,તેનો દુરુપયોગ રોકવા માટે પોલીસ દળને વધુ સક્ષમ બનાવવાનો છે.

મોબાઇલ ચોરાઇ જવાની ઘટનામાં  તત્કાલ હેન્ડસેટ બ્લોકિંગ, ગુનાખોરી પર અંકુશ, રિકવરીમાં સરળતા, નાગરિકો પોતે પણ આ પોર્ટલ દ્વારા તેમના ફરિયાદની સ્થિતિ જાણી શકે છે અને ફોન મળી ગયા બાદ તેને અનબ્લોક પણ કરી શકાય તેવા મુદ્દા અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

# AHMEDABAD SHAHIBAUG

# UNDER BRIDGE CLOSSED

અમદાવાદનો શાહીબાગ અંડર બ્રિજ આવતીકાલ થી 28 માર્ચ બપોરે 12 થી 5 અને રાતે 12 થી 5 વાહનોની અવરજવર માટે રસ્તો બંધ રહેશે.

શાહીબાગ અંડર બ્રિજ ફરી એકવાર વાહનની અવરજવર માટે બંધ કરાશે.રેલવે ટ્રેક રીપેરીંગની કામગીરી ચાલતી હોવાના કારણે 19 થી 28 માર્ચ દરમિયાન બપોરે 12 થી 5 અને રાત્રે 12 થી સવારે વાગ્યા સુધી જીવ અન્ડર બ્રિજ વાહનોની અવરજવર માટે બંધ રહેશે જેથી વાહન ચાલકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

શાહીબાગ અંડરબ્રિજના ત્રણેય પ્રવેશ તેમજ નિકાસમાર્ગ 19 માર્ચ 2026 થી 28 માર્ચ 2026 સુધીના સવારે 12 થી 5 વાગ્યા સુધી અને રાતના 12 થી સવારના 5 વાગ્યા સુધી વાહન વ્યવહારની અવરજવર માટે બંધ રહેશે.

આ સિવાયના સમય પર વાહન ચાલકો આ રસ્તેથી અવર-જવર કરી શકશે.બપોરના અને રાતના સમયે વાહન ચાલકોએ વૈકલ્પિક માર્ગ તરીકે દિલ્હી દરવાજાથી સુભાષ બ્રિજના છેડેથી શિલાલેખ થઈ રિવરફ્રન્ટના રસ્તેથી એરપોર્ટ જઈ શકશે.